તાપી નદીના પુનર્જીવન માટે 25 વર્ષના માસ્ટર પ્લાનની માંગ

કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયકની કેન્દ્ર અને રાજ્ય સરકારને રજૂઆત

સુરતઃ સુરત અને સમગ્ર દક્ષિણ ગુજરાતની જીવનદોરી ગણાતી તાપી નદીના લાંબા ગાળાના સંરક્ષણ અને પુનર્જીવન માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયકે કેન્દ્ર અને રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરી છે.

દર્શન નાયકે જણાવ્યું છે કે વર્ષ 2006ના વિનાશક પૂર બાદ કુદરતી પ્રવાહમાં આવેલા ફેરફારોને કારણે તાપી નદીનું પર્યાવરણીય સંતુલન ખોરવાઈ રહ્યું છે. તાપી રિવરફ્રન્ટ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં ચોમાસા દરમિયાન અનેક વિસ્તારોમાં રિવરફ્રન્ટ પાણીમાં ગરકાવ થઈ જાય છે. બીજી તરફ ગંદકી અને અસામાજિક પ્રવૃત્તિઓના કારણે નાગરિકો માટે તેનો સંપૂર્ણ ઉપયોગ શક્ય બનતો નથી. તેથી માત્ર સૌંદર્યીકરણ પૂરતું નહીં, પરંતુ નદીના સમગ્ર ઈકોસિસ્ટમના સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત ઊભી થઈ છે.

તાપી માટે પણ ગંગા જેવી યોજના જરૂરી

દર્શન નાયકે જણાવ્યું કે જેમ ગંગા નદીના પુનર્જીવન માટે વૈજ્ઞાનિક અને સંકલિત અભિગમ સાથે વિશેષ યોજના અમલમાં મૂકવામાં આવી છે, તેવી જ રીતે તાપી નદી માટે પણ રાજ્ય અને રાષ્ટ્રીય મહત્ત્વનો વિશેષ પ્રોજેક્ટ જાહેર કરી તાત્કાલિક કામગીરી શરૂ કરવી જોઈએ. તેમણે જણાવ્યું કે તાપી નદીનું પુનર્જીવન માત્ર પર્યાવરણનો પ્રશ્ન નથી, પરંતુ સુરત અને દક્ષિણ ગુજરાતના લાખો નાગરિકોના પીવાના પાણી, કૃષિ, જૈવ વૈવિધ્ય, પૂર નિયંત્રણ અને સમગ્ર પ્રદેશના આર્થિક વિકાસ સાથે સીધો સંબંધ ધરાવતો મુદ્દો છે.

અમરોલીમાં પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ, લાખો લિટર પાણીનો વેડફાટ

ભંગાણને પગલે રસ્તા પર પાણીનાં ફુવારા ઉડ્યા : પાણી ભરાતા વાહનચાલકોને હાલાકી

સુરતઃ એક તરફ હાલમાં અસહ્ય બફારા અને ઉકળાટ વચ્ચે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ત્યારે બીજી તરફ મનપાના હાઈડ્રોલિક વિભાગનાં પાપે અમરોલી ખાતે સેંકડો લીટર પાણીનો વેડફાટ જોવા મળી રહ્યો છે. અમરોલી ખાતે આવેલ વર્ધમાન સોસાયટી પાસે પીવાના પાણીની લાઈનમાં ભંગાણને કારણે રસ્તા પર નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાવા પામ્યા છે. આ સ્થિતિને કારણે વાહન ચાલકોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ સ્થાનિકો દ્વારા ઘટના અંગે કતારગામ ઝોનમાં ફરિયાદ કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા હોવાના આક્ષેપો સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહ્યા છે.

કોરોનામાં પિતાની સારવાર માટે પુત્રએ ગીરવે આપેલું સોનું હડપ કરી જવાયું

બમરોલી રોડના દુર્ગેશ દુબેએ પાંડેસરાના શ્રી સાંઈકૃપાના માલિક સચિન અને અમત હડકે પાસેથી વ્યાજે 2.40 લાખ રૂપિયા લીધા હતા

વ્યાજે પેટે નાણાં ચૂકવી દીધા છતાં પણ બંને ભાઈઓએ દાગીના પરત નહીં આપી ધમકી આપી

સુરતઃ કોરોના લોકડાઉન જેવી આપત્તિના સમયે ઉધના વિસ્તારમાં ધિરાણના નામે સોનાના દાગીના ગીરવે મૂકાવીને એક વેપારીનું લાખોની કિંમતનું ૫૬.૬૯ ગ્રામ સોનું ઓળવી જનાર બે સગા ભાઈઓ વિરૂદ્ધ ઉધના પોલીસ મથકે ભોગ બનનાર કોલસાના વેપારીની ફરિયાદના આધારે પોલીસે ઉઘાડી લૂંટ અને ધમકીની ફરિયાદ નોંધી હતી.

બમરોલી રોડ પર આશિર્વાદ ટાઉનશીપ પાછળ ઉમિયાનગર સોસાયટીમાં રહેતા અને પાંડેસરા તિરૂપતિ સર્કલ પાસે 'કાવેરી એન્ટરપ્રાઈઝ' નામે કોલસાનું ટ્રેડિંગ કરતા દુર્ગેશભાઈ સત્યનારાયણ દુબે (ઉ.વ. ૪૩) એ ફરિયાદમાં જણાવ્યું છે કે, સને-૨૦૨૦ માં લોકડાઉન દરમિયાન તેમના પિતાજીને કોરોના થતાં હોસ્પિ.ના ખર્ચ માટે તેમમે 'શ્રી સાંઈ કૃપા' નામે દાગીના પર વ્યાજે નાણાં ધીરનાર સચીન પંજાબરાવ રડકે અને અમિત પંજાબરાવ રડકે (રહે. મહાદેવનગર, હરીનગર-૨ પાછળ, ઉધના) પાસેથી ઘરની સોનાની ૪ બંગડી અને ૧ નેકલેશ હાર ગીરવે મુકીને માસિક 3 ટકાના વ્યાજે રૂ.૨,૪૦,૦૦૦ મેળવ્યા હતા. બાદમાં નિયમિત પહેલા 3 ટકા અને બાદમાં દોઢ ટકા વ્યાજ ભર્યું હતટું પરંતુ સપ્ટેમ્બર-૨૦૨૨માં વેપારી મુદ્દલ રકમ પરત આપી સોનું છોડાવવા ગયા ત્યારે બંને ભાઈઓ વાયદા કરવા લાગ્યા હતા. સતત બે વર્ષ ધક્કા ખવડાવ્યા બાદ વેપારીએ ૨૦૨૫માં ઉધના પોલીસમાં અરજી કરી હતી. ત્યારે ગઠિયા અમિતે નાટક કર્યું કે સોનું ફેડરલ બેંકમાં મુકેલું છે, તે છોડાવવા રૂ.૩ લાખ આપો. વેપારીએ વિશ્વાસ રાખીને રૂ.૩ લાખ રોકડા આપ્યા, છતાં સોનું ન આપ્યું અને બાદમાં બંને વ્યાજખોર ભાઈઓ બળજબરીપૂર્વક વધુ વ્યાજની માંગણી કરી ધમકી આપતા હતા કે, 'તમારાથી જે થાય તે કરી લો, તમારા દાગીના આપવાના થતા નથી.' આખરે કંટાળીને વેપારીએ ઉધના પોલીસ સ્ટેશનમાં બંને સામે ગુનો નોંધવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ત્રણ વર્ષ સુધી લગ્નના નામે દુષ્કર્મ કરી દૂરના મામાના દીકરાએ ત્યજી દીધી

નાનો વરાછાના પ્રકાશ પરમારે દૂરની સંબંધી યુવતી સાથે કામરેજ-અમરોલીની હોટલોમાં શારીરિક સંબંધો બાંધ્યા હતા

સુરતઃ અમરોલી વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષીય યુવતીને લગ્નની ખોટી જાળમાં ફસાવી તેના જ દૂરના મામાના દીકરાએ છેલ્લા ત્રણ વર્ષ સુધી અવારનવાર શારીરિક શોષણ કર્યું હોવાની ફરિયાદ અમરોલી પોલીસમાં નોંધાઈ છે.

અમરોલીના છાપરાભાઠા રોડ પર ભાડાના મકાનમાં રહેતી અને ઘરકામ કરતી સંધ્યાબેન (નામ બદલ્યું છે, ઉ.વ. ૨૧) એ નોંધાવેલી ફરિયાદ મુજબ, સને-૨૦૨૩ માં તેની ઓળખાણ નાના વરાછાની શક્તિવિજય સોસાયટીમાં રહેતા તેના દૂરના મામાના દીકરા પ્રકાશ ઉર્ફે દિલિપભાઇ ધનજીભાઇ પરમાર સાથે થઈ હતી.ધીમે-ધીમે બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાતા ફોન પર વાતચીત શરૂ થઈ હતી.પ્રકાશે યુવતીને સંબંધી હોવાનું કહી 'આપણે લગ્ન કરી લઈશું' તેવી લાલચ આપી હતી.આશરે ત્રણ વર્ષ પહેલાં તેણે યુવતીને અમરોલી ચાર રસ્તા બોલાવી કામરેજ ખાતેની એક હોટલમાં લઈ જઈ પ્રથમ વખત મરજી વિરૂદ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો.ત્યારબાદ પણ પ્રકાશે લગ્નનો ભરોસો આપી અલગ-અલગ જગ્યાએ યુવતીનું શોષણ ચાલુ રાખ્યું હતું. ગત તા. ૨૪/૧૧/૨૦૨૫ ના રોજ પ્રકાશે યુવતીને અમરોલીની હોટલ ગેલેક્ષીમાં બોલાવી સંબંધ બાંધ્યો હતો.

ફોટા અને વિડીયો વાઈરલ થયા ત્યારે લગ્ન કરવાની ખાતરી આપનાર પ્રકાશ બાદમાં ફરી ગયો

આ દરમિયાન કોઈ અજાણ્યા શખ્સે તેમની અંગત પળોનો વિડીયો ઉતારી સોશિયલ મીડિયા અને સગા-સંબંધીઓમાં વાયરલ કરી દીધો હતો.આ અંગે અમરોલી પોલીસે અગાઉ ગુનો નોંધી વિડીયો વાયરલ કરનાર આશિષ રોહિતભાઈ રાણા નામના શખ્સની ધરપકડ કરી હતી.આ વિડીયો કાંડ બાદ બદનામી થવા છતાં પ્રકાશે યુવતીને હિંમત આપી હતી કે તે ગમે તે થાય તેની સાથે જ લગ્ન કરશે. બદનામી વહોરી ચૂકેલી યુવતીના પરિવારે જ્યારે લગ્નની સત્તાવાર વાત કરવા માટે પોતાના વડીલો (માસી અને કુટુંબી મામાના દીકરાને) પ્રકાશના ઘરે મોકલ્યા ત્યારે પ્રકાશે અચાનક રંગ બદલી નાખ્યો હતો. તેણે યુવતી સાથે લગ્ન કરવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. પોતાની સાથે વર્ષોથી રમત રમાઈ હોવાનો અહેસાસ થતાં પીડિતાએ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સમક્ષ ન્યાયની ગુહાર લગાવી અરજી આપી હતી. આખરે ગઈકાલે અમરોલી પોલીસે યુવતીની ફરિયાદના આધારે લંપટ પ્રકાશ ઉર્ફે દિલીપ પરમાર વિરુદ્ધ લગ્નની લાલચ આપી બળાત્કાર ગુજારવા અંગેની કડક કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કંપનીના ભાગીદારે ૨૫ લાખની ઉચાપત બાદ બીજી કંપની ચાલુ કરી દીધી!

પોલીસે સરથાણાની કંપનીમાં ઉચાપત કરનાર મેહુલ બલોચીયાની ધરપકડ કરી સાથીદાર રિન્કલને વોન્ટેડ જાહેર કરી

સુરતઃ સરથાણાની 'ફાઈવ ફોર્સ એડ્વાઈઝરી પ્રાઈવેટ લિમિટેડ' ઈન્સુરન્સ કંપનીમાં રૂ.૨૫,૫૦,૦૦૦ની નાણાકીય ઉચાપત અને દસ્તાવેજોની હેરાફેરીના મામલે એલસીબી ઝોન-૧ની ટીમે બાતમીના આધારે મુખ્ય આરોપી મેહુલ ભરતભાઈ બલોચીયા (રહે.,સોવરીન બંગ્લોઝ, કામરેજ) ની ધરપકડ કરી લીધી છે. અન્ય એક વોન્ટેડ મહિલાની શોધખોળ આદરી છે.

કંપનીના ડાયરેક્ટર પંકજભાઈ રામોલિયાએ મેહુલ બલોચીયા અને ભૂતપૂર્વ મહિલા કર્મચારી રિન્કલબેન રાદડિયા વિરૂદ્ધ પોલીસમાં ફરિયાદમાં જણાવ્યું હતું કે, મેહુલ કંપનીમાં મૌખિક ભાગીદાર તરીકે હિસાબો અને બેન્ક વ્યવહારો સંભાળતો હતો. વર્ષ-૨૦૨૫ના અંતમાં જ્યારે તેની પાસે કડકાઈથી હિસાબ માંગવામાં આવ્યો ત્યારે તે ધમકી આપીને જતો રહ્યો હતો. ઓડિટ દરમિયાન વર્ષ-૨૦૧૮થી ૨૦૨૫ વચ્ચે ૨૫.૫૦ લાખની ઉચાપત સામે આવી હતી. તપાસમાં બહાર આવ્યું છે કે, મેહુલે કંપનીનાં નાણાં પોતાના પરિવારજનો અને સગા-સંબંધીઓના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કર્યાં હતાં. ઉપરાંત કંપનીના ગ્રાહકોના એજન્ટ કોડ પણ રિન્કલના ફેમિલી મેમ્બર્સના નામે ટ્રાન્સફર કરી માર્કેટિંગની આવક પોતાના ખાતામાં જમા કરાવી લીધી હતી.

મેહુલે ડાયરેક્ટર ન હોવા છતાં રિન્કલ રાદડિયાને બીજી કંપનીમાં નોકરી અપાવવાના ઈરાદાથી ફાઈવ ફોર્સ કંપનીના લેટરપેડ પર ડાયરેક્ટરની નકલી સહી અને બોગસ સિક્કા મારીને 'જોબ રિલિવિંગ લેટર' બનાવી આપ્યો હતો. રિન્કલ નોટિસ પિરિયડ પૂરો કર્યા વિના જ અચાનક રાજીનામું આપીને જતી રહી હતી. આરોપી મેહુલે 'ટ્વિન ટ્રસ્ટ ઈન્સુરન્સ' નામે નવી પેઢી શરૂ કરી દીધી છે. તે જૂની કંપનીના ગુપ્ત ડેટાનો દુરુપયોગ કરી ગ્રાહકો પાસેથી ખોટી રીતે નાણાં ઉઘરાવવાનું મોટું ષડયંત્ર ચલાવી રહ્યો હતો. હાલ પોલીસે મુખ્ય સૂત્રધાર મેહુલને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. હાલ પોલીસે રિન્કલ રાદડિયાની શોધખોળ શરૂ માટે ચક્રો ગતિમાન કર્યાં છે.

ફોરેક્સ ટ્રેડિંગના બહાને ઠગાઈમાં ડભોઈનો અંકુર પટેલ પકડાયો

પકડાયેલા અંકુર ગોપાલ પટેલના માર્ગદર્શન હેઠળ આખી ગેંગે 39 કરોડની ઠગાઈ કરી હતી

સુરતઃ રાજ્યના સૌથી મોટા રૂ. 2050 કરોડના કથિત સાયબર ફ્રોડની તપાસ દરમિયાન ફોરેક્સ ટ્રેડિંગના બહાને રૂ. 39 કરોડની ઠગાઈનો ભાંડો ફૂટ્યો હતો. આ કેસમાં 11 જૂન, 2025ના રોજ મિત ખોખર સહિત 6 સામે ગુનો નોંધાયો હતો. હવે એક વર્ષ બાદ ઉધના પોલીસે મિતના મિત્ર અને ફોરેક્સ ટ્રેડિંગ સાથે સંકળાયેલા અંકુર પટેલને ઝડપી લઈને વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મોટા વરાછાના વીઆઈપી સર્કલ પાસે રહેતા ટેક્સટાઈલ વેપારી પાર્થ વસંતભાઈ ખડેલાએ ગત 11/06/2025ના રોજ ઉધના પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, આરોપી મિત ખોખર અને તેના સાગરીતો વિશાલ સાંકડાસરીયા, વિશાલ લીંબાણી, મિહિર શાહ, પિયુષ કુકડીયા અને અંકુર પટેલે માસિક 12 થી 14 ટકા વળતરની લાલચ આપી સપ્ટેમ્બર 2022 થી સપ્ટેમ્બર 2024 દરમિયાન આ રકમ રોકાણ કરાવી હતી. બાદમાં, જ્યારે વેપારીએ નાણાં પરત માંગ્યા ત્યારે આરોપીઓએ તેમને ધ મ કાવી નાણાં આપવાનો ઈનકાર કર્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે, આ ટોળકીનો સભ્ય ડભોઈમાં ફોરેક્સ ટ્રેડિંગનું કામ કરતો અંકુર પટેલના માર્ગદર્શન હેઠળ કામ કરતી હતી.

વિશાલ સાંકડસરીયા સુરત અને દુબઈ વચ્ચે રહીને નેટવર્ક સંભાળતો અને મિત ખોખર જેવા અન્ય 10 લોકો દ્વારા લોકોને ફોરેક્ષ ટ્રેડિંગમાં રોકાણ કરવા પ્રેરિત કરાતા. રોકાણની રકમ રોકડમાં લેવામાં આવતી, જેને USDTમાં કન્વર્ટ કરી દુબઈ મોકલી દેવામાં આવતી હતી. છેતરપિંડી કરવા માટે આ ટોળકી એપ્લિકેશન પર ખોટી રીતે રોકાણ 'ઝીરો' દર્શાવતી હતી. એક વર્ષથી પોલીસને ચકમો આપી રહેલો મુખ્ય સૂત્રધાર અંકુર ગોપાલભાઈ પટેલ (ઉ.વ. 42, રહે. આશિર્વાદ સોસાયટી, ડભોઈ, વડોદરા) આખરે પોલીસ પકડમાં આવ્યો છે.

મનપામાં અધિકારીઓની અછત વચ્ચે વધુ એક કાર્ય. ઈજનેરનું રાજીનામું

કાર્યપાલક ઈજનેર રૂપેશ શાહે ઝોનની જવાબદારીમાંથી મુક્તિ માટે રજૂઆત કરી હતી, પરંતુ ધ્યાને લેવાઈ નહોતી

બીજી તરફ પીઆરઓ પ્રતિમા ચૌધરીનું રાજીનામું મંજૂર કરી દેવામાં આવ્યું

સુરત : સુરત મહાનગરપાલિકામાં અધિકારીઓની અછત વચ્ચે પીઆરઓ પ્રતિમા ચૌધરી (ચૌહાણ)નું સ્વૈચ્છિક રાજીનામું મનપા કમિશનર દ્વારા મંજૂર કરવામાં આવ્યું છે, જ્યારે ઉધના-બી ઝોનના કાર્યપાલક ઈજનેર રૂપેશ શાહે પણ સ્વૈચ્છિક રાજીનામાનો પત્ર પાઠવ્યો હોવાની ચર્ચા છે.

પ્રતિમા ચૌહાણે થોડા સમય અગાઉ સ્વૈચ્છિક રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ તેમણે રાજીનામું પરત ખેંચવા માટે પ્રયાસો હાથ ધર્યા હોવાનું જાણવા મળે છે. જોકે તે પહેલાં જ ચાર દિવસ પહેલાં કમિશનરે તેને મંજૂરી આપી દીધી હતી.

બીજી તરફ, તાજેતરમાં જ ઉધના-બી ઝોનમાં કાર્યપાલક ઈજનેર તરીકે નિમણૂક પામેલા રૂપેશ શાહે પણ ડેપ્યુટી કમિશનર નિધિ સિવાચ સમક્ષ સ્વૈચ્છિક રાજીનામાનો પત્ર પાઠવ્યો હોવાની માહિતી સામે આવી છે. મનપામાં લાંબા સમય સુધી આરએસી અને ટીએસસી વિભાગમાં ફરજ બજાવ્યા બાદ તેમને પ્રથમ વખત ઝોનના કાર્યપાલક ઈજનેર તરીકે જવાબદારી સોંપવામાં આવી હતી. આ નિમણૂક બાદ તેમણે ઝોનની જવાબદારીમાંથી મુક્તિ આપવા રજૂઆતો કરી હતી, પરંતુ વહીવટી તંત્ર દ્વારા તેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો.

ટેક્સટાઈલ માર્કેટની ચૂંટણીમાં પ્રથમ દિવસે જ 51 ઉમેદવારીપત્રો ઉપડ્યા

20 બેઠકો માટે 18 જુલાઈએ મતદાન થશે, આવતીકાલે ફોર્મ મેળવવાનો અંતિમ દિવસ

સુરત : સુરત ટેક્સટાઈલ માર્કેટ (STM)ના બોર્ડ ઓફ મેનેજમેન્ટની ચૂંટણીમાંપ્રથમ જ દિવસે કુલ 51 ઉમેદવારીપત્રો ઉપાડવામાં આવ્યા હતા. ઉમેદવારીપત્ર મેળવવાની પ્રક્રિયા 29 જૂનથી શરૂ થઈ છે અને 30 જૂન એટલે કે આવતીકાલે ઉમેદવારીપત્ર મેળવવાનો છેલ્લો દિવસ રહેશે.

આ વખતે STMના બોર્ડ ઓફ મેનેજમેન્ટની કુલ 21 બેઠકો માટે ચૂંટણી યોજાશે. જેમાં એક બેઠક સુરત મહાનગર પાલિકા દ્વારા મનોનીત અનામત રહેશે. બાકીની 20 બેઠકોમાં બે મહિલા અનામત, એક અનુસૂચિત જાતિ/જનજાતિ (SC/ST) અનામત તથા 17 જનરલ કેટેગરીની બેઠકો માટે ચૂંટણી યોજાશે. ચૂંટણીમાં હાલની સત્તાધારી STM પેનલ સામે STM વિકાસ સંઘ પોતાની પેનલ મેદાનમાં ઉતારે તેવી ચર્ચાઓ વેપારી વર્તુળોમાં ચાલી રહી છે. આગામી દિવસોમાં ઉમેદવારીપત્રો ભરાયા બાદ ચૂંટણીનું ચિત્ર વધુ સ્પષ્ટ બનશે.

ચૂંટણીનો કાર્યક્રમ

- 29 અને 30 જૂન : ઉમેદવારીપત્ર મેળવવાની તારીખ
- 02 જુલાઈ : ઉમેદવારીપત્ર ભરવાની છેલ્લી તારીખ
- 04 જુલાઈ : ઉમેદવારીપત્રોની ચકાસણી
- 08 જુલાઈ : ઉમેદવારીપત્ર પરત ખેંચવાની છેલ્લી તારીખ
- 18 જુલાઈ : મતદાન, મતગણતરી અને પરિણામ જાહેર

નર્સિંગની વિદ્યાર્થિની હોસ્પિટલમાં ફાંસો ખાધેલી હાલતમાં મળી આવી

પરવટ પાટિયાની ખંડેલવાલ ઓર્થોપેડિક હોસ્પિટલમાં બે મહિનાથી ઇન્ટર્નશિપ કરી રહી હતી

સુરતઃ સુરતના પરવટ પાટિયા વિસ્તારમાં આવેલી ખંડેલવાલ ઓર્થોપેડિક હોસ્પિટલમાં નર્સિંગની વિદ્યાર્થિનીએ ફાંસો ખાઈ લીધો હતો.

મૂળ છોટાઉદેપુર જિલ્લાના નસવાડી ગામની વતની મંજુલા પારુભાઈ રાઠવા ભરૂચની કામથ પેરામેડિકલ ઈન્સ્ટિટ્યૂટમાં નર્સિંગનો અભ્યાસ કરતી હતી. અભ્યાસના ભાગરૂપે છેલ્લા બે મહિનાથી તે પરવટ પાટિયા સ્થિત ખંડેલવાલ ઓર્થોપેડિક હોસ્પિટલમાં ઈન્ટર્નશિપ કરી રહી હતી. સોમવારે વહેલી સવારે અન્ય નર્સ જાગી ત્યારે મંજુલા પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાધેલી હાલતમાં જોવા મળી હતી. પોલીસની ટીમ સ્થળ પર પહોંચી મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલ મોકલી વધુ તપાસ હાથ ધરી હતી. મંજુલાના પિતા વતનમાં ખેતીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. પરિવારમાં માતા-પિતા અને એક ભાઈનો સમાવેશ થાય છે.

અંકલેશ્વરના કોઈ યુવક સાથે ફોન ઉપર તકરાર થયાની આશંકા

પોલીસને જાણવા મળ્યું છે કે મંજુલા અંકલેશ્વરમાં રહેતા એક યુવકના સંપર્કમાં હતી, જે ખાનગી કંપનીમાં નોકરી કરે છે. પોલીસના જણાવ્યા મુજબ ઘટનાની પૂર્વે બંને વચ્ચે કોઈ મુદ્દે વાતચીત દરમિયાન તકરાર થઈ હોવાની માહિતી સામે આવી છે. પોલીસે મંજુલાનો મોબાઇલ ફોન કબજે કરીને ફોરેન્સિક તપાસ માટે મોકલ્યો છે.

સંક્ષિપ્ત સમાચાર

જી.ડી.ગોએન્કા સ્કૂલમાં 'આર્ટ ઓ' હાર્ટ' સ્પર્ધા યોજાઈ

સુરતઃ જી.ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરતમાં તા. 20 જૂન, 2026ના રોજ ધોરણ 1 થી 12ના વિદ્યાર્થીઓ માટે 'આર્ટ ઓ' હાર્ટ સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું આયોજન ડો. શ્રુતિ અગ્રવાલ (એકેડમિક ડિરેક્ટર અને પ્રિન્સિપલ) તેમજ શ્રીમતી હેનિતા દસાડિયા (એસોસિયેટ ડીન, પીવીએ) ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. ધોરણ 1 અને 2ના વિદ્યાર્થીઓ માટે રંગપૂરણી (કલરિંગ) સ્પર્ધા યોજાઈ હતી, જ્યારે ધોરણ 3 થી 12ના વિદ્યાર્થીઓ માટે પોસ્ટર નિર્માણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનું મૂલ્યાંકન શ્રીમતી પાયલ ગુપ્તા, શ્રીમતી મુસ્કાન રાજગરહિયા, શ્રીમતી શેફાલી ગુપ્તા અને શ્રીમતી પન્ના ચાઉન્ફા શુંગનો સમાવેશ થતો હતો. જજોએ વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા, કલાત્મક કુશળતા અને વિષયની અસરકારક રજૂઆતની ખૂબ પ્રશંસા કરી હતી.

બ્રહ્મસાજનો તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ યોજાયો



સુરતઃ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ સુરતનો સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સન્માન સમારોહનું આયોજન અડાજણ ખાતે આવેલ સંસ્કાર ભારતી શાળાના ઓડિટોરિયમ ખાતે ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં આ વર્ષે સુરત જિલ્લામાંથી 170 જેટલા વિદ્યાર્થીઓને સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. જેમાં ધોરણ 10માં 110 વિદ્યાર્થીઓ, ધોરણ 12 કોમર્સના 30 વિદ્યાર્થીઓ, 12 સાયન્સના 21 વિદ્યાર્થીઓ ,12 આર્ટસના 2 વિદ્યાર્થીઓ અને સાથે 7 સ્પેશિયલ કેટેગરીના વિદ્યાર્થીઓનો સમાવેશ થતો હતો. સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ સુરતના પ્રમુખ જયદીપભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતું કે તેજસ્વી વિદ્યાર્થીઓના સન્માન સમારોહનો મૂળ હેતુ વિદ્યાર્થીઓને જીવનમાં આગળ વધવાની પ્રેરણા મળી રહે તે હતો.

શ્રી મોઢ પટણી કો. ઓ. ક્રેડિટ સોસાયટી લિ.ના નવા હોદ્દેદારો વરાયા

સુરતઃ સુરત શહેરમાં ગલેમંડી મેઈનરોડ ખાતે આવેલી પ્રતિષ્ઠિત મોઢ પટણી કો. ઓ. ક્રેડિટ સોસાયટી લિ. ના વર્ષ ૨૦૨૬-૨૦૨૭ માટેના હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે જગદીશચંદ્ર ચંદ્રકાંત આરીવાલા, ઉપપ્રમુખ તરીકે મનોજકુમાર કાંતિલાલ લોટવાલા, માનમંત્રી મુકેશચંદ્ર મોહનલાલ લાકડાવાલા તેમજ માનદ્‌સહમંત્રી તરીકે કમલેશ બાબુભાઇ ગાંગડવાલાની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

હર્ષ મહારાજવાલાએ બેન્ચપ્રેસમાં બીજો ક્રમ મેળવ્યો

સુરતઃ સુરત ખાતે યોજવામાં આવેલી WRPF ગુજરાત રાજ્ય પાવરલિફ્ટિંગમાં હર્ષ મહારાજવાલાએ બેન્ચપ્રેસમાં બીજો ક્રમ મેળવીને સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં તેઓ ભાવેશ જરીવાલા પાસેથી તાલીમ લઈ રહ્યા છે અને તેમણે આ મેડલ દ્વારા ગલેમંડી ફેસ્ટિવલ મંડળનું ગૌરવ વધાર્યું છે.

સુરત હવે ભગવાનના વાઘાનું પણ હબ

પહેલા માત્ર સુરતમાં જ માંગ હતી પરંતુ હવે ગુજરાતની સાથે વિદેશોમાં પણ સુરતમાં તૈયાર થયેલા વાંધા મંગાઈ રહ્યા છે

'જય શ્રી કૃષ્ણ', 'જય શ્રી શ્યામ','રાધે રાધે' અને 'સ્વસ્તિક' જેવા પ્રિન્ટ અને સિમ્બોલના વાઘાની મોટી માંગ

સુરતઃ ટેક્સટાઈલ અને ડાયમંડ ઉદ્યોગ માટે જાણીતા સુરત શહેરે હવે ભગવાનના વાઘા (પોશાક) માટેના કાપડના ઉત્પાદન અને વેપારમાં પણ આગવું સ્થાન હાંસલ કર્યું છે.

વ્યાપારી હરિશ લાલવાણીના જણાવ્યા મુજબ, ભગવાનના વાઘા માટેનો વેપાર મુખ્યત્વે સિઝનલ છે. અષાઢી સુદ બીજથી શરૂ થતી માંગ જન્માષ્ટમી, નવરાત્રી અને દિવાળી સુધી સતત વધતી રહે છે. આ સમયગાળા દરમિયાન વેપારીઓ દ્વારા વિશેષ ડિઝાઈન અને આકર્ષક કાપડનું ઉત્પાદન કરવામાં આવે છે.

સુરતના માર્કેટમાં વેલવેટ, સાગાવર્ક, ફોઈલ વર્ક, ફરવર્ક, સિક્વન્સ વર્ક, દોરીવર્ક તેમજ ચૂંદડી બનાવવા માટે ઉપયોગી નેટ જેવા વિવિધ પ્રકારના કાપડનું મોટા પ્રમાણમાં ઉત્પાદન થાય છે. ઉપરાંત મોરપીંછ, ડાયમંડ વર્ક અને ફ્લાવર ડિઝાઈનવાળા વાઘા માટેના કાપડ હાલમાં ખાસ ટ્રેન્ડમાં છે. ધાર્મિક ભાવનાઓને અનુરૂપ 'જય શ્રી કૃષ્ણ', 'જય શ્રી શ્યામ','રાધે રાધે' અને 'સ્વસ્તિક' જેવા પ્રિન્ટ અને સિમ્બોલ ધરાવતા કાપડની પણ બજારમાં સારી માંગ જોવા મળી રહી છે.

કાપડની કિંમત પ્રતિ મીટર રૂ. 90થી શરૂ થઈને રૂ. 250 સુધી પહોંચે છે. જ્યારે સામાન્ય અને સસ્તી શ્રેણીના રોટો વર્ક જેવા કાપડ રૂ. 25થી રૂ. 45 પ્રતિ મીટરના ભાવે ઉપલબ્ધ છે. સુરતમાંથી તૈયાર થતાં આ કાપડ ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, આસામ અને કોલકાતા ખાતે સપ્લાય કરવામાં આવે છે.

લડ્ડુ ગોપાલના તૈયાર વાઘાઓની ભારે માંગ

ભગવાનના વાઘા માટેના કાપડ ઉપરાંત સુરતમાં તૈયાર થતાં લડ્ડુ ગોપાલના રેડીમેડ વાઘાઓની પણ બજારમાં ભારે માંગ જોવા મળી રહી છે. વેપારીઓના જણાવ્યા મુજબ ઝીરો નંબરથી લઈને 6 નંબર સુધીના વિવિધ સાઇઝના વાઘાઓ મોટી સંખ્યામાં તૈયાર કરવામાં આવે છે. આ વાઘાઓમાં વેલવેટ, સિક્વન્સ, મોતીવર્ક, ડાયમંડ વર્ક, ફર અને ગોટા પટ્ટી જેવી આકર્ષક ડિઝાઇનનો ઉપયોગ કરવામાં આવે છે. ગ્રાહકોની પસંદગી મુજબ પરંપરાગત તેમજ આધુનિક ડિઝાઇનમાં વાઘાઓ ઉપલબ્ધ હોય છે. સુરતના વેપારીઓ દ્વારા તૈયાર થતા આ વાઘાઓ ગુજરાત ઉપરાંત રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના ધાર્મિક બજારોમાં મોકલવામાં આવે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ઓનલાઈન ઓર્ડરમાં પણ વધારો થતાં આ વ્યવસાયને નવી ગતિ મળી છે.

ચાલકનું નામ પોલિસીમાં નહીં હોય તો અકસ્માતમાં વળતર મળે નહીં!

ટ્રિબ્યુનલે આ કેસમાં મૃતક કાર ચાલકની ૭૦ ટકા અને ટેન્કર ચાલકની ૩૦ ટકા બેદરકારી ગણી

સુરતઃ જો ચાલકનું નામ વીમા પોલિસીમાં નહીં હોય તો તેવા સંજોગોમાં અકસ્માતમાં તેને પુરૂં વળતર મળી શકે નહીં તેવો ચુકાદો મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલએ આપ્યો છે.

આ કેસની હકીકત મુજબ તા. 14 જુલાઈ, 2010ના રોજ બપોરે આશરે 1:30 વાગ્યે પોપટભાઈ વાઘાસિયા પોતાની કારમાં પત્ની સવિતાબેન, માતા ચંપાબેન અને ભત્રીજા હિતેશભાઈ ધનજીભાઈ સાથે સુરત તરફ આવી રહ્યા હતા. તે દરમિયાન ભોળાદ ગામ નજીક વટામણ-ધોલેરા હાઈવે પર અકસ્માત થતાં કારમાં સવાર તમામ ચારના મોત થયા હતા. આ કેસની સુનાવણીમાં અરજદાર તરફે દલીલ કરાઈ હતી કે કોઈપણ વ્યક્તિ ગાડી ચલાવે અને તેનું મૃત્યુ કે ઈજા થાય તો વીમા કંપનીએ પેકેજ પોલિસી લીધી હોય તો વળતર ચૂકવવું પડે. તેમજ 'P.A. to owner-driver' માટે પ્રીમિયમ ચૂકવેલું હોવાથી ૨ લાખનું વળતર અલગથી મળવું જોઈએ.

વીમા કંપનીના એડવોકેટ દર્શન શાહે રજૂઆત કરી હતી કે જો કોઈ વ્યક્તિ ગાડી ચલાવતી હોય અને પોલિસીમાં અલગથી પ્રીમિયમ ન લીધું હોય, તો વીમા કંપનીની કોઈ જવાબદારી બનતી નથી. પોલિસીમાં વાહન ચલાવનારનું પ્રીમિયમ ન હોય તો તે 'થર્ડ પાર્ટી'ની વ્યાખ્યામાં ન આવે. વીમા પોલિસીના નિયમ મુજબ વાહન માલિક જેનું નામ પોલિસી અને આર.સી. બુકમાં હોય, તેમની પાસે લાયસન્સ હોય તેવી વ્યક્તિનો જ 'P.A. to owner-driver' માં સમાવેશ થાય છે. ટ્રિબ્યુનલે કાર ચાલકની 70 ટકા અને ટેન્કર ચાલકની 30 ટકા બેદરકારી નક્કી કરી ચુકાદો આપ્યો હતો.